૧) સહાયક રાજ્ય વેરા કમિશનર, વર્ગ-૧ સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટેની ૦૨ જગ્યા પૈકી ૦૧ જગ્યા અંધત્વની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (LV ૪૦-૭૦%) માટે અને ૦૧ જગ્યા શ્રવણની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (HH ૪૦–૭૦%) માટે અનામત છે.

૨) મદદનીશ કમિશનર(આદિજાતિ વિકાસ), વર્ગ-૧ સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટેની ૦૧ જગ્યા અંધત્વની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (B-LV ૪૦–૭૦%) માટે અનામત છે.

૩) મદદનીશ નિયામક (અન્ન અને નાગરિક પુરવઠા) વર્ગ–૨ સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટેની ૦૧ જગ્યા અંધત્વની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (B-LV ૪૦– ૭૦%) માટે અનામત છે.

૪) ચીફ ઓફિસર વર્ગ–૨ સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટેની ૦૨ જગ્યા પૈકી ૦૧ જગ્યા અંધત્વની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (LV ૪૦-૭૦%) માટે અને ૦૧ જગ્યા હલનચલનની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત છે.

૫) રાજ્ય વેરા અધિકારી, વર્ગ–૨ સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટેની ૦૨ જગ્યા પૈકી ૦૧ જગ્યા અંધત્વની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (LV ૪૦-૭૦%) માટે અને ૦૧ જગ્યા શ્રવણની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો (D-HH ૪૦–૭૦%) માટે અનામત છે.

નોંધ:– જે–તે સંવર્ગમાં દર્શાવેલ અનામત પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર ન મળે તેવા કિસ્સામાં નિયત માપદંડને આધિન અન્ય માન્ય પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારને જગ્યા ફાળવી શકાશે.

**૧. દિવ્યાંગ ઉમેદવારો માટે**

(૧) ઉપરની જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે:

| **જગ્યાનું નામ** | **૧-અંધત્વ /ઓછી દૃષ્ટિ** | **૨-શ્રવણની ખામી** | **૩- મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ** | **૪-સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી ૫-બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ** |
|---|---|---|---|---|
| સહાયક રાજ્યવેરા કમિશનર, વર્ગ–૧ | LV-(40-70%) | D,HH-40-70% | OA,OL,OAL,CP,LC,Dw,AAV | ASD(M,MoD),MI(40-70%),MD(40-70%) |
| મદદનીશ કમિશનર (આદિજાતિ વિકાસ) | B, LV | D,HH | OA,OL,BL,OAL,CP,LC,Dw,AAV | MI,MD(40-70%) |
| સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | B, LV | HH-(40-70%) | OA,BA,OL,LC,CP,Dw,AAV | SLD, MI(40-70%),MD(40-70%) |
| જિલ્લા નિરીક્ષક જમીન દફ્તર,વર્ગ–૨ | - | D,HH | OA,OL,LC,Dw,AAV | SLD, MI(40-70%),MD(40-70%) |
| મદદનીશ નિયામક (અન્ન અને નાગરિક પુરવઠા),વર્ગ–૨ | B, LV | HH | OA,OL,OAL,BL,BLOA,CP,LC,Dw,AAV,MDy | SLD,MD |
| ચિફ ઓફિસર,વર્ગ–૨ | LV | - | OA,OL,Dw,LC,AAV | SLD,MD(40-70%) |
| રાજ્ય વેરા અધિકારી , વર્ગ–૨ | LV-(40-70%) | D,HH-(40-70%) | OA,OL,OAL,CP,LC,Dw,AAV | ASD(M,MoD),MI(40-70%),MD(40-70%) |
| **B=Blind, LV=Low Vision, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL=One Arm & One Leg , BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack Victims, SLD- Specific Learning Disability, MI- Mental illness, MD- Multiple Disabilities, MDy- Muscular Dystrophy, ASD- Autism spectrum disorder, D-Deaf, BA-both arm, M-Mild, Mod-Moderate,** | | | | |

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામત નો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે:

